

શુભ દીપાવલી - આજે આપણી પરંપરા જળવાય છે... ઘરમાં વડીલોના કે ભગવાનના ફોટાઓને દીપાવલીના પર્વોમાં 'પવિત્રા' ચડાવવામાં આવે છે... ઘરે ઘરે 'પવિત્રા'નું સ્થાન હોય છે અને દીપાવલીના આગમન સાથે બજારોમાં 'પવિત્રા' ઠલવાય છે... એક અલગ ભાવ છે... એક અલગ નિષ્ઠા છે... અને અલગ પરંપરા છે... 'પવિત્રા'નું આગમન દિવાળીના કાઉન્ટ-ડાઉનના સંકેત આપે છે...

# દિવાળી બાદ શાળા-કોલેજ શરૂ કરાશે

**૩ દિવસમાં એસઓપી તૈયાર કરવા શિક્ષણ ખાતાની સુચના : રાજ્યમાં શાળાઓ ખોલવા માટેની તૈયારીઓ શરૂ થઈ : ધો-૯થી ૧૨ માટે શાળા ખોલવા મંજૂરીની શક્યતા, ધો-૧થી ૮માં ઓનલાઈન અભ્યાસ ચાલુ રખાય એવી વકી**

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં શાળાઓ ખુલવા મુદ્દે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગાંધીનગરમાં આજે યોજાયેલી શિક્ષણ વિભાગની બેઠકમાં બેથી ત્રણ દિવસમાં એસઓપી તૈયાર કરવા માટે સૂચના અપાઈ છે. રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને સ્કૂલોમાં લાવવા માટે એસઓપી તૈયાર કરવા શિક્ષણ વિભાગને સૂચના અપાઈ છે. એસઓપી બાદ સીએમ સાથે મળીને અંતિમ નિર્ણય લેવાશે.

અત્રે નોંધનીય છે કે, આજે ગાંધીનગરમાં શિક્ષણ વિભાગની બેઠક મળી હતી, જે હાલ પુરી થઈ ગઈ છે. સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે કે, દિવાળી બાદ વિદ્યાર્થીઓને મર્યાદિત સંખ્યા સાથે છૂટછાટ અપાશે. કોલેજો શરૂ કરવા અંગે કુલપતિઓ સાથે ચર્ચા વિચારણા કરાઈ હતી. મર્યાદિત સંખ્યા સાથે છૂટછાટ આપવા બેઠકમાં લેવાયો છે. તેમ છતાં આશંકા સેવાઈ રહી છે કે દિવાળી બાદ શાળાઓ શરૂ કરવાની કવાયત ચાલી રહી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આજે શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે રાજ્યમાં બીજા સત્રથી શૈક્ષણિક કાર્ય શરૂ થાય તેના માટે બેઠક બોલાવી હતી. આ બેઠકમાં રાજ્યના રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે, શિક્ષણ સચિવ વિનોદ રાવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એજે શાહ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા. જાણકારી પ્રમાણે રાજ્ય સરકારે દિવાળી પછી ધોરણ-૯થી ધોરણ-૧૨ સુધીના ક્લાસ શરૂ કરવા માટે લીલીઝંડી આપી શકે છે. જ્યારે ધોરણ-૧થી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓ માટે હાલ ઓનલાઈન અભ્યાસની સુવિધા ચાલુ રાખવામાં આવી શકે છે.

ગુજરાતમાં દિવાળી વેકેશન પછી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કોલેજ, ઈસ્ટિટયુટ અને સ્કૂલો શરૂ થઈ શકે તેમ છે. પેટાચૂંટણી બાદ બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને શિક્ષણ સચિવ સાથે તમામ પાસાઓની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના વોક-વે પર હરિયાળા વૃક્ષોની લટકતી ડાળીઓનુ ટ્રીમીંગ કરવા માંગ

**સેકટરોના આંતરિક માર્ગો પર પણ સ્ટ્રીટ લાઇટના થાંભલા માટે વૃક્ષોની તોતિંગ ડાળીઓ અવરોધરૂપ**

ગાંધીનગર તા ૫

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ફુટપાથની જાળવણીનુ કામ વિસરાયુ છે. જેના લીધે



ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથ પરની ટાઈલ્સો પણ તુટેલી જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરાયા બાદ ફુટપાથ તદન કંગાળ હાલતમાં જોવા મળી રહી છે. જેના લીધે તુટેલી ટાઈલ્સો વચ્ચે વોક વે પર મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. વોકીંગ કરનારાઓ માટે પણ નવી સમસ્યા સર્જાઇ છે. શહેરમાં અંદાજિત ૯૫ કીમીનુ ફુટપાથનુ નેટવર્ક છે. પરંતુ ફુટપાથની જાળવણી પાછળ ધ્યાન આપવામાં આવતુ ન હોવોની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. આવા સંજોગોમાં ફુટપાથ આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી છે. જયારે આ વૃક્ષોની ડાળીઓ પણ ટ્રીમીંગના અભાવે નમીને વોક વે પર આવી ગઈ છે. નગરના ગ-૨ થી ચ- ૨ વચ્ચેના રૂટમાં પણ આવી જ સ્થિતિ જોવા મળે છે. વોક વે આસપાસ વૃક્ષોની ડાળીઓના ઘેરાવના લીધે રાત્રિના તેમજ સવારના સમયે વાકીંગ કરનારા સિનિયર સિટીઝન્સ વધુ પરેશાન છે. આ મામલે અનેકવાર આ રૂટમાં ટ્રીમીંગ થાય તેવી રજુઆત પણ કરવામાં આવી છે. ત્યારે વોક વે આસપાસ લટકતી વૃક્ષોની ડાળીઓને દુર કરવા માટે વનતંત્ર દ્વારા ત્વરિત અસરથી ટ્રીમીંગનુ કામ હાથ ધરાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના સેકટરોમાં પણ હજુ સ્ટ્રીટ લાઈટના થાંભલાને વૃક્ષોની લટકતી ડાળીઓ નડતરરૂપ બની હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વનતંત્ર દવાર ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ શહેરના ઉભા આડા માર્ગો આસપાસ નમી પડેલા વૃક્ષોને પણ દુર કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

સ્માર્ટ સિટીનો સ્માર્ટ નઝારો

# ઝુંપડાવાસીઓએ ઘ-૭ પાસે ફુટપાથ પર અડ્ડો જમાવ્યો

**સેકટરોમાં પણ ઝુંપડાઓની સંખ્યા વધતી જાય છે : વધતા ઝુંપડાના દબાણોના લીધે ગંદકી સહીતની સમસ્યાઓથી રહીશો ત્રસ્ત**

ગાંધીનગર તા ૫

શહેરમાં દબાણની સમસ્યા જટીલ બનતી જાય છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં ઠેર ઠેર દુવિધાઓ છે. પરંતુ શહેરમાં દાયકાઓ જુની સમસ્યાઓ હજુ પણ આમ નાગરિકો માટે શિરદર્દ બની રહી છે. દબાણનો પ્રશ્ન પણ દિનપ્રતિદિન જટીલ બનતો જાય છે. દબાણના મામલે તંત્ર આગ લાગે ત્યારે કુવો ખોદવા નિકળે તેવા મોડમાં છે. શહેરના ઘ-૭ પાસે સ્થિત ચરેડી વિસ્તારમાં મુખ્યમાર્ગો આસપાસ વોક વે પર ઝુંપડા તાંણી બાંધવામાં આવ્યા છે.

શહેરમાં એકબાજુ દબાણની સમસ્યા દુર કરવા માટે સમયાંતરે નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં પણ હજુ દબાણો પાંગરેલા છે. શહેરના વન આરક્ષિત વિસ્તાર સહીત સેકટરોના કાર્મશિયલ વિસ્તારમાં પણ દબાણોની ભરમાર જોવા મળે છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી ઝુંપડાના દબાણો દુર કરવામાં આવ્યા હતા જો કે આ દરમિયાન ઝુંપડાવાસીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરવામાં આવી હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. પરંતુ શહેરમાં ઝુંપડાના દબાણો વધી રહ્યા છે. ત્યારે અત્યારે ચુપકીદી સેવતુ તંત્ર દબાણો દુર કરવાના મામલે આગ લાગે ત્યારે કુવો ખોદવા નિકળે તેવા મોડમાં જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જ-૨ થી ખ-૨ વચ્ચેના માર્ગનુ પેવરકામ શરૂ કરાયુ

**માર્ગ સુધારણા પાછળ અંદાજિત ૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે : વરસાદી દિવસો બાદ હવે તબક્કાવાર માર્ગ સુધારણાના કામો હાથ ધરાશે**

ગાંધીનગર તા ૫

શહેરમાં છેલ્લા આઠ મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી ખોરંભે પડી હતી કોરોનાના લોકડાઉન બાદ વરસાદી દિવસોના લીધે માર્ગોનુ ધોવાણ થયુ હતુ જેથી સેકટરોના આંતરિક માર્ગો સહીત ઉભા આડા રસ્તાઓ પણ ઉબડ ખાબડ બન્યા છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ શહેરના જ-૨ થી ખ-૨ વચ્ચેના માર્ગનુ પેવરકામ હાથ ધરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. કોરાનાના લોકડાઉન બાદ વરસાદી દિવસોના લીધે માર્ગોના કામ હાથ ધરી શકાયા ન હતા જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો સહીત ઉભા આડા માર્ગોની દશા વધુ



ખરાબ થઈ હતી. વરસાદી દિવસોમાં પણ માર્ગોનુ ધોવાણ થયુ હતુ. જયારે સેકટરોના આંતરિક માર્ગો પણ વધુ ઉબડ ખાબડ બન્યા છે. હાલ શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસના પ્રોજેકટનુ કામ પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. જયારે ગ માર્ગના વાઈડનીંગનુ કામ પણ હાથ ધરાયુ છે. ત્યારે શહેરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ લાંબા સમયથી અધુરુ કામ પુર્ણ કરવા તંત્રની ટીમ કામે લાગી છે. શહેરના સે- ૬ અને સે-૭ માં પણ બાકી કામો હાથ ધરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૧૭ કેસ : ૧૮ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૧૯૫૭ પર પહોંચી છે.

શહેરમાં સતત વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. આજે સૌથી વધુ યુવાનો કોરોનાથી સંક્રમિત થયેલા જણાયા છે. આજે પણ ૭ જેટલી મહિલા દર્દીઓ મળી આવતાં તંત્રની ચિંતા વધવા પામી છે.

શહેરમાં સતત કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ કોરોનાનું કોમ્યુનીટી ટ્રાન્સમિશન થવાની શંકા વધુ ને વધુ દઢ થઈ રહી છે. જો કે તંત્ર દ્વારા હજુ આ બાબતે કોઈ સત્તાવાર સ્વીકાર કરવામાં આવતો નથી. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૧૨ માંથી ૩, સે. ૩ માંથી, સે. ૨૭ માંથી અને સે. ૭ માંથી ૨-૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૨૩, ૨૨, ૨૦, ૫, ૧૬, ૩૦ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે.

તંત્રએ આજે પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાની સાથે માસ્ક ફરજીયાતના નિર્ણયનો અમલ કરવા નગરજનોને અપીલ કરી છે.

સે. ૨ માં એક ૨૬ વર્ષીય યુવતી જે ઈન્ફોસીટીમાં ખાનગી કંપનીમાં ફરજો બજાવે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માં આજે એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં આવી ગયુ છે. ૬૬ વર્ષીય મહિલા અને ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૬ વર્ષીય મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માંથી ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વૃદ્ધે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨ માંથી આજે ૩ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૧૨ માંથી એક ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિક્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૫૫ વર્ષીય ગૃહીણી અને ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૨ માંથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૦ માંથી પણ ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**આજે સે. ૧૨ માંથી 3, સે. 3 માંથી, સે. ૨૭ માંથી અને સે. ૭ માંથી ૨-૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૨3, ૨૨, ૨૦, ૫, ૧૬, 3૦ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળી આવ્યા**

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સૌથી વધુ યુવાનો કોરોનાથી સંક્રમિત

**છેલ્લા પખવાડિયામાં સંક્રમિતોમાં મહિલા દર્દીઓની સંખ્યા ૫ ટકા વધી**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ યુવાનો કોરોનાથી સંક્રમિત થયા છે. જો કે છેલ્લા પખવાડિયામાં જ ૫ ટકાથી પણ વધુ મહિલાઓ સંક્રમિત થઈ છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

દિપાવલીના પર્વોમાં ખરીદી માટે મહિલાઓ બહાર નીકળે ત્યારે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવે અને માસ્ક ફરજીયાત પહેરે તેવી અપીલ પણ મનપાના તંત્રએ કરી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં જે કોરોનાના કેસ નોંધાયા છે તેમાં ૩૦ થી ૪૦ વર્ષની આયુમાં ૩૪૭ કેસ નોંધાયા છે. ૪૧ થી ૫૦ વર્ષની વય ધરાવતા ૩૧૭ દર્દીઓ નોંધાયા છે.

૫૧ થી ૬૦ વર્ષની વય ધરાવતા દર્દીઓની સંખ્યા ૩૨૮ છે. ૬૦ થી ૭૦ ની વય ધરાવતા દર્દીઓની સંખ્યા ૨૦૭ છે અને ૭૧ થી ૮૦ વર્ષની વય ધરાવતા દર્દીઓની સંખ્યા ૮૩ છે.

જ્યારે ૮૦ થી ઉપરની વય ધરાવતા દર્દીઓની સંખ્યા ૨૮ છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ માસ્ક ફરજીયાત પહેરવા માટેની સૂચનાઓના અમલ માટે તંત્રએ તાકીદ કરી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૬ કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસોમાં સતત ચડાવ-ઉતારને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

સારવાર દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં એક દર્દીનું મોત નીપજ્યુ હોવાનું સરકારે જણાવ્યુ છે પરંતુ તંત્ર દ્વારા આ અંગે તેની યાદીમાં મૌન સેવવામાં આવ્યુ છે.

આજે જિલ્લામાં નોંધાયેલા કેસોમાં યુવા દર્દીઓની સંખ્યા વધુ છે. આ ઉપરાંત હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનાર દર્દીઓની સંખ્યા પણ ૧૩ જેટલી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨, માણસામાં ૨ અને કલોલમાં ૪ કેસ મળ્યા છે. મહિલા દર્દીઓની સંખ્યા પણ વધવા પામી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનાર દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની કામગીરીનું ભારણ પણ વધ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ લોકોના કોરોના અંગે ટેસ્ટ કરવામાં આવ્યાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યુ છે.

ગાંધીનગરના સાદરા ગામેથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેસનનો વિકલ્પ પસંદ કર્યો છે.

રાંધેજા ગામેથી ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. પીંડારડા ગામેથી ૫૯ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કોબા ગામેથી ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૨૩ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૫૫ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઉનાવા ગામેથી ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી ૩૮ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા છે. પાટનાકુવા ગામે ૩૫ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

**સારવાર દરમ્યાન ૧ દર્દીનું મોત સરકારે કહ્યું છે; ગાંધીનગરમાં ૮, દહેગામ-૨, માણસામાં-૨ અને કલોલમાં ૪ કેસ**

● અનુસંધાન પાન-૭ પર


DHEVAN ENTERPRISE

ડ્રાયફ્રૂટ

| | ૧ કિલો | ૨૫૦ ગ્રામ |
|---|---|---|
| બદામ | ૭૦૦/- | ૧૭૫/- |
| કાજુ | ૯૦૦/- | ૨૨૫/- |
| પિસ્તા | ૮૬૦/- | ૨૧૫/- |
| અખરોટ ફોલેલા | ૧૩૫૦/- | ૩૪૦/- |
| અખરોટ આખા | ૬૬૦/- | 330/- ૫૦૦ ગ્રામ |
| અંજીર | ૧૨૫૦/- | ૩૧૫/- |
| દ્રાક્ષ | ૩૮૦/- | ૧૦૦/- |
| કાળી દ્રાક્ષ | ૩૮૦/- | ૧૦૦/- |

ઉત્તમ કવોલિટીના ડ્રાયફ્રૂટ મેળવો હોમ ડિલિવરી દ્વારા

For Order : Call & Whatsapp

VAISHALI PATEL

Mo: +91 7490083330

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં

SURMOUNT HOSPITAL

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર
- આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
- દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
- હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
- હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
- ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
- હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ
- અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)

ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
- કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)

ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
- મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com